ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# સાબરમતી નદીમાં પાણીનો આવરો ઓછો થયો છતાં નદી બે કાંઠે વહે છે

**રાત્રે જ પાણીનો મોટો જથ્થો વહાવી દેવડાવાઈ જળની સપાટી જાળવવામાં તંત્ર સફળ : સંત સરોવરના સાત દરવાજા બંધ કરાયા : ૧૪ દરવાજામાંથી૩૨,૨૩૦ ક્યુસેક્સ પાણી છોડાઈ રહ્યું છે : લોકોને નદી કાંઠે નહીં જવા તાકીદ**

ગાંધીનગર, તા. ૧૮

ભારે વરસાદ અને ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને પગલે ઉત્તર ગુજરાતના મહત્વના જળાશય ધરોઈ ડેમમાંથી ગઈકાલે છોડાયેલ પાણી રાત્રિના સમયે વધુ વહાવી અને સાબરમતી નદીમાં પૂરની સ્થિતિને નિયંત્રણમાં રાખવામાં તંત્રએ સફળતા મેળવવા સાથે જે રીતે જળસપાટી જાળવી રાખી છે તેના આજે સતત વખાણ સાંભળવા મળ્યા હતા.

મોડી સાંજે જ પાણીની આવક વધતાં સંત સરોવરના તમામ દરવાજા ખોલી અને વહેલી સવાર સુધીમાં ૬૬ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યુ હતુ. સાબરમતી નદી જે રીતે બે કાંઠે વહેતી થઈ તેનાથી નદી અને જિલ્લાના ભૂગર્ભ જળ રિચાર્જ થવા ઉપરાંત પૂરને પણ નાથવામાં તંત્રે સફળતા મેળવી છે.

સંત સરોવર અને નદી તટના ગામોમાં લોકોને નહિ જવાની ચેતવણી બાદ કોઈ નુકશાન અને જાનહાનિના અહેવાલ ન મળતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. જો કે આજે દિવસ દરમ્યાન પણ તંત્ર ધરોઈ તેમજ પૂર નિયંત્રણ કક્ષ સાથે સતત સંપર્કમાં જોવા મળ્યુ હતુ.



ગાંધીનગરમાં સાબરમતી નદી આજે પણ બે કાંઠે વહી રહી છે. ધરોઈ બંધમાંથી પાણીનો આવરો ઓછો થતાં ગાંધીનગરમાં સંત સરોવરના ૨૧ દરવાજામાંથી ૭ દરવાજા બંધ કરી દેવામાં આવ્યા છે. ૧૪ દરવાજા ખુલ્લા રાખીને હજુ પણ ૩૨,૨૩૦ ક્યુસેક્સ પાણી વાસણા બેરેજ તરફ છોડવામાં આવી રહ્યું છે. લાકરોડા બેરેજ તરફથી હજુ પણ પાણીની આવક ચાલુ રહેતાં સંત સરોવરની સપાટી ઊંચી આવશે. નદી કાંઠાના ગામોમાં વસતા નાગરિકોને સલામતીના કારણોસર કાંઠા વિસ્તારમાં નહીં જવાની સૂચના આપવામાં આવી છે. નિવાસી અધિક કલેકટર શ્રી રિતુ સિંઘે સલામતીના કારણોસર તમામ કર્મચારીઓ-અધિકારીઓને હેડક્વાર્ટર નહીં છોડવાના આદેશો આપ્યા છે. જિલ્લાના અધિકારીઓ-કર્મચારીઓની રજાઓ મંજૂર નહીં કરવાની સૂચનાઓ પણ આપવામાં આવી છે.

ગુરુવારે સાંજે ૬.૦૦ વાગ્યાની સ્થિતિએ ધરોઈ બંધમાંથી ૨૩,૦૭૨ ક્યુસેક્સ પાણી છોડવામાં આવી રહ્યું છે. બુધવારની મધરાતે ધરોઈ બંધમાંથી ૬૬,૦૫૦ ક્યુસેક્સ પાણી છોડવામાં આવ્યું હતું. પરંતુ હવે ધરોઈ બંધમાંથી પાણી

● અનુસંધાન પાન-૭ પર



પ્રકૃતિની પરમ અભિવ્યક્તિ - કોન ચિત્રકાર હૈ, કૌન કલાકાર હૈ... કવિની આ પંક્તિના એક-એક અક્ષર યથાર્થ ઠેરવતી આ તસવીર પ્રકૃતિની પરમ અભિવ્યક્તિ દર્શાવે છે... કેવા અદ્દભૂત રંગોની મેળવણી... સાત રંગો એટલે કે 'જાનીવાલીપીનારા' કેવા ભવ્ય રીતે પ્રસ્તુત થયા છે... જીવનમાં સમય હોય કે ના હોય એક મિનિટ મનને સ્થિર કરીને મેઘધનુષ્ય માણવું જોઈએ... પ્રકૃતિના પરમ સર્જનને માણવાથી પરમની અનુભૂતિનો માર્ગ ખુલે છે... વાદળોના પાણીના નાના-નાના બિંદુઓમાંથી સૂર્ય પ્રકાશનું પસાર થવું... જળ અને પ્રકાશ પરિવર્તિત થતાં સર્જાય છે આ મેઘધનુષ્ય... વૈજ્ઞાનિક ઘટના જરૂર છે, પરંતુ શ્રદ્ધાની પરાકાષ્ઠા છે... ગાંધીનગર ભાગ્યશાળી બન્યું કે ગુરૂવારે સાંજે નગરના ગગનમાં ભવ્યાતિભવ્ય મેઘધનુષ્ય માણવા મળ્યું...

આગામી વિધાનસભાની ચૂંટણીમાં મતદાન માટે થઇ જાઓ તૈયાર
નામ નોંધાવી મતદારયાદીમાં, બનો ગૌરવશાળી મતદાર
મતદારયાદી સુધારણા કાર્યક્રમ
૧૨ ઓગસ્ટ થી ૧૧ સપ્ટેમ્બર
અવસર લોકશાહીનો
આવી ગયો છે
ખાસ ઝુંબેશનો દિવસ
૨૧-૦૮-૨૦૨૨
રવિવાર
સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી
આપના મતદાન મથક પર
મતદારયાદીમાં નામ નોંધણી અથવા ફેરફાર માટે
ઓનલાઇન સેવાઓનો ઉપયોગ કરો
અથવા ખાસ ઝુંબેશના દિવસે આપના મતદાન મથકની
મુલાકાત લઈને બી.એલ.ઓ.નો સંપર્ક કરો
જો આપની ઉંમર ૧લી ઓક્ટોબર ૨૦૨૨ સુધીમાં અઢાર વર્ષ થતી હોય તો મતદારયાદીમાં નામ નોંધાવીને મતદાન કરી શકો છો.
જો આપનું નામ મતદારયાદીમાં અગાઉ નોંધાવેલું હોય તો આપની વિગતની ચકાસણી કરો.
નોંધણી, ચકાસણી કે ફેરફારની અરજી માટે
ઓનલાઇન સુવિધા
યાદ રાખો, મતદાન કરવા માટે આપનું નામ મતદારયાદીમાં
યોગ્ય રીતે નોંધાયેલ હોય તે જરૂરી છે.
વોટર હેલ્પલાઇન એપ
www.nvsp.in
વધુ માહિતી માટે
(આપના વિસ્તારનો STD કોડ) ૧૯૫૦ હેલ્પલાઇન પર ફોન કરો
(કચેરી સમય દરમિયાન)
મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત
CEOGujarat | CEOGujarat | gujaratceo
હવે મતદારયાદીમાં આપનો આધાર નંબર લિંક કરાવો

# શહેરમાં સ્વાઈન ફલુના વધુ બે કેસ

**સરગાસણ-કુડાસણમાંથી કેસો મળ્યા : બન્ને દર્દી ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં આજે સ્વાઈન ફલુના વધુ બે કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા વધીને ૮ થઈ છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા બે કેસ એ ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે. આ બન્ને દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને ત્યાં તેમની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ કુડાસણ ગામમાં ૫૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત સરગાસણ ગામમાંથી ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સ્વાઈન ફલુના કેસો છુટા છવાયા મળી રહ્યા છે અને સ્થિતિ નિયંત્રણમાં હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે. સ્વાઈન ફલુના કેસો વધ્યા છે તેનો સ્વીકાર કરતાં તંત્રએ જણાવ્યુ છે કે સતર્કતા અને સાવચેતી લોકોએ જાતે જ રાખવી જોઈએ. રિકવરી રેટ પણ આ રોગમાં સારી હોવાનો તંત્રએ સ્વીકાર કર્યો છે.




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com